સંગીત કરણ ઘેલો.

રા. બ. નંદશંકર તુળજાશંકરની વાર્તા ઉપરથી
રચી પ્રસિદ્ધ કરનાર

લલિતાશંકર લાભશંકર વ્યાસ
(હેડ માસ્તર સર. બ. ૭. નં. નિશાળ.)

આ નાટક ભજવવાની પરવાનગી
"ધી સુરત ગુજરાતી નાટક મંડળી"
ને આપી છે.

(ગીતિ)

ભરત ખંડ ઓ તારૂં, ગયું નૂર શું ફરીથી મળવાનું,
ક્યાં તે રજપુત કેરૂં, શૌર્ય ગયું ! રે દિસે બધું સૂનું।

એમ. જે. પોરસવાલાના
સુરત "ખોદાબક્ષ" પ્રેસમાં
છાપ્યો છે.

સંવત ૧૯૫૦ સને ૧૮૯૪

કિમ્મત ૨ આના.

આ નાટકનો ટૂંક સાર.

અંક ૧ લો.

પ્રથમ ઈશ્વર સ્તુતિ થયા બાદ, પાટણમાં રાજા કરણના પ્રધાન માધવને ઘેર નવરાત્રિના પ્રસંગ નિમિત્ત હવન થઈ રહયો છે ત્યાં શેઠ શાહુકારો સાથે કેટલીક વાતચિત્ત થયા બાદ માધવ દશેરાની સ્વારી નીકળવાની છે તેને માટે રાજસભામાં જાય છે. અને રાજા કરણ ત્યાં ઉત્સવ નિમિત્ત સ્વારી કાંડવાનું કહી કચેરી બરખાસ્ત કરે છે. ત્યારબાદ શ્રમને લીધે તે રાત્રે તેને ઉંઘ આવતી નથી તેથી નગરચર્યા જોવા જવા માટે બ્હાર નીકળી પડે છે અને ફરતો ફરતો સ્મશાનમાં જઈ પોંચે છે ત્યાં તેને વંત્રીઓ મળે છે. પાછા ફરતાં એક દેવસ્થાનમાં આવી ચડે છે ત્યાં પૂજન સારૂ આવેલી પોતાના પ્રધાન માધવજીની સ્ત્રી રૂપસુંદરીને જોઈ મોહાન્ધ થાય છે અને મ્હેલમાં આવ્યા બાદ માધવને કંઈ કામસર પ્રદેશ મોકલી રૂપસુંદરીનું હરણ કરવાનો હુકમ આપે છે તે વાતમાં સામા થતાં માધવના ભાઈ કેશવનું મૃત્યુ થાય છે; એથી તેની સ્ત્રી ગુણસુંદરી સતી થાય છે અને તે વખતે તે રાજાને શાપ દે છે. ત્યારબાદ મરનાર કેશવ, ભૂત થયો છે એવી અફવા શહેરમાં ચાલી રહી છે તે, રાજાની માનીતી ફુલારાણીને વળગે છે ને આખા શહેરમાં ત્રાસ વર્તી રહયો છે. એ બાયરાને નામે ઓળખાતા ભૂતને રાજા કરણની માસીનો છોકરો હરપાળ, એક ભુવાને વેષે કાંડે છે. બીજી તરફ રૂપસુંદરીને રાજા કરણ મનાવે છે; તે આખરે લાચારીથી રાજાને હાથતાળી આપે છે. એ બધા સમાચાર માધવને તેના મિત્ર મારફત પોં'ચવાથી તે ઘણો ખિન્ન થાય છે પણ તુરત તેનું વેર લેવા તે દિલ્હીમાં પાદશાહ અલાઉદ્દીન ખીલજી પાસે જવાનો નિશ્ચય કરે છે.

અંક ૨ જો.

જે દિવસે માધવ દિલ્હી જઈ પોંચે છે તેજ દિવસે અલાઉદ્દીનના શાહજાદા ખીજરખાંની શાલગીરી હોવાને લીધે તેની જાહેર

રસ્તે સ્વારી નીકળે છે તે દરમ્યાન અતિશય ભીડમાં કોઈ રજપૂત તેનો પ્રાણ લેવા ગોળી મારે છે પણ તેમાંથી તે બચી જાય છે; અને માધવ જે ફરતો ફરતો ત્યાં આવી ચડે છે તે, ભાલાવડે એવા ખુનીનો પ્રાણ લે છે. આ ઉપરના પ્રસંગથી માધવને અલા-ઉદ્દીનથી સમક્ષ માનમરતબા સાથે મુલાકાત લેવાનું બની આવે છે અને પાદશાહને ઉશ્કેરી ગુજરાત ઉપર લશ્કર મોકલી તે જીતી લેવાનો ઠરાવ કરાવે છે. આણી તરફ કરણને આ વાતની ખબર પડવાથી તેપણ પોતાના પ્રધાન મંડળ સાથે વિચાર કરી લડાઈ કરવાનું નક્કી કરે છે. એક જબરૂં યુદ્ધ થાય છે તેમાં અલાઉદ્દીનનો સરદાર અલફખાં ફત્તેહ પામે છે અને કરણ મરણ પામ્યો એવા સમાચાર ફેલાય છે. માધવ રૂપસુંદરીને મળે છે. આ હકીકત કરણની રાણીઓને કાને પડતાં તેઓ મ્હેલ સળગાવી માંહે બળી મરવાનો નિશ્ચય કરે છે અને પોતાની બે છોકરીઓ કનકદેવી તથા દેવળદેવીને, કૌળારાણી પોતાને પીએર મોકલી દેવા એક વિશ્વા-સુ માણસને સોંપે છે. મ્હેલને આગ લગાડયા છતાં તેમાં બળી મરવાની છાતી નહિ ચાલવાથી કૌળા રાણી મરદને વેષે ન્હાસી જાય છે અને બીજી રાણીઓ મુસલમાનોના હાથમાં ફસાય છે. તજવીજ કરતાં કૌળારાણી ન્હાસી ગયાની ખબર બીજી રાણીઓ મારફત અલફખાંને મળે છે તે ઉપરથી તે તેની શોધમાં માણ-સો મોકલે છે. કૌળારાણીને રસ્તામાં લુટારા મળે છે તેને તેઓ પોતાના નાયક પાસે લઇ જાય છે, જે તેના ઉપર બળાત્કાર કરવાનો વિચાર કરે છે. એ જોઇ કૌળારાણી તેને ખંજરવડે ઠાર કરે છે પણ આખરે તે અલફખાંના સીપાઈઓના હાથમાં સપડાય છે અને તેઓ તેને અલફખાં પાસે પકડી લાવે છે; જે તેને પાદશાહ અલાઉદ્દીનની ખાસ મ્હેરબાની મેળવવા તેના પાસે વડી બેગમ તરીકે તેનું જનાનખાનું શોભાવવા મોકલી દે છે. રસ્તામાં કનકદેવી તથા દેવળદેવીને તેને મોસાળ તેડી જનાર માણસને એવા સમા-ચાર મળે છે કે કરણ જીવતો છે અને તે બાગલાણના કિલ્લામાં છે. તે ઉપરથી તે તેની પાસે તે છોકરીઓને લઈ જાય છે. પણ દુર્ભાગ્યે કનકદેવી ત્યાં મરણ પામે છે.

અંક ૩ જો.

દેવળદેવી એને આ વખતે મુગ્ધાવસ્થા પ્રાપ્ત થઈ હતી છે,

બાગમાં પોતાની સખીઓ સાથે આનંદમાં ફરે છે એવામાં જંગલમાંથી એક વાઘ નીકળી આવે છે, જેની તરાપમાં દેવળદેવી અચાનક સપડાય છે પણ દેવગઢના રાજા રામદેવનો પુત્ર શંકળદેવ જે શિકાર કરવા નીકળી પડેલો તે તેને મારી દેવળદેવીને બચાવે છે. એ ઉપકાર નિમિત્ત પરસ્પર પ્રીતિ થવાથી તેઓ પરણવાની પ્રતિજ્ઞા કરે છે. એ અરસામાં દિલ્હીમાં અલાઉદ્દીન પાદશાહની કોળા બેગમ, દેવળદેવીને પોતાની પાસે બોલાવવાની તજવીજ કરવા એક સરદારને મોકલવાની વિનંતી કરે છે તે ઉપરથી તે છોકરીને લઇ જવા કરણની પાસે એક અમીર આવે છે પણ તેને તિરસ્કાર કરી કરણ કાંડી મુકે છે; અને આખર સાધનવિનાનો હોવાને લીધે શંકળદેવના ભાઈ ભીમદેવના માગા ઉપરથી તેને શંકળદેવ સાથે પરણાવવા મરદના વેષમાં દેવગઢ જવા વિદાય કરે છે. રસ્તામાં થાક લાગવાથી એ બધા એક ધર્મશાળામાં આશાએશ લેવા ઉતરે છે ત્યાં કેટલાએક અલાઉદ્દીનના દેવળદેવીને લેવા મોકલેલા મુસલમાન સીપાઇઓ, પડેલા માલમ પડે છે માંહો માંહે ઝપાઝપી થાય છે. સાથે રહેલી એક બટાવુીથી ભેદ ખોલાઇ જવાથી દેવળદેવી મુસલમાનોના હાથમાં સપડાય છે. ભીમદેવ [illegible] છે. દેવળદેવીને દિલ્હી લઈ જાય છે અને ત્યાં તેની શાહજાદા ખીજરખાં સાથે શાદી થાય છે.

આ લઘુ પુસ્તક રચવામાં મારા રસિક યુવાન મિત્ર ભાઇ ભગવતીશંકર જ્ઞાનલોચનશંકરે મને પ્રસંગોપાત કંઈક મદદ આપી છે તેને માટે તેનું નામ આ સાથે જોડી રાખવાની હું મારી ફરજ સમજુછું.

સુરત
નાગરફળીયું
તા. ૨૦-૯-૯૪.

લ. લા. વ્યાસ.

સંગીત કરણ ઘેલો.

૧

સૂત્રધાર—

સ્મરૂં પાર્વતીશ વિભુ નીશદીન,
ભક્તિમાં હું રહું તલીન;
આ, મારી છે કૃતિ નવીન;
સહાય માગું પ્રભુ તારી—સ્મરૂં.
જય જય તું ઓમ્કાર પ્રથમ છે,
ત્રિભુવન તારક પાલક તું છે;
કલ્પ દ્રુમ ભકતોને,
પાણિ ગ્રહણ મુજ દીન દીન—સ્મરૂં.

સૂત્રધાર ૨

ગુર્જર ગાથામાંથી, નાટક રૂપે રચ્યો કરણ ખેલ;
તે આ વિદ્વજ્જનને, બતાવવો છે અપૂર્વ આ વેળ.

નટી વગેરે ૩

અદભુત રચના શી, આહા! પ્રભુ, શી બલિહાર ટેક.

તારણ મારણ તું, જગ કારણ, ધારણ તું.
જેનો જગમાં નહીં આકાર, પણ વ્યાપક છે સર્વ મુઝાર—અદભુત.

પ્રાણિ માત્રનો તું આધાર, શરણાગતનો પાલનહાર—અદભુત.
ભૂમંડળનો આ વિસ્તાર, નિરખી સ્મરિએ વારંવાર—અદભુત.

વિજયદત્ત— ૪

ગુર્જર દેશ તણા પતિ કરણ છો, શ્રી રાજ રાજેશ્વર.
લોકોનાં હિત કારી કાર્ય કરવા, નિત્યે રહો તત્પર;
થાઓ નષ્ટ અરિ શત્રુ તમ તણા, ઉન્મત્ત વિગ્રાહિક,
રાજ્યોનું સુખ ભોગવો પ્રભુ સદા, સ્થાયી પ્રજાભાવિક.

પૂર્ણાનંદ— ૫

શ્રી પાંચે મળજો પ્રભુ, પશુ પુત્ર વસુ અને સકળ ધાન્ય.
સંવત્સર શત કેરૂં આયુષ, કરજો વિનંતી મમ માન્ય.

વિજયરાજ કવિ— ૬

શો આ ઉમંગનો દશમીનો દીન, રાજ્ય ભક્તિમાં
દીસે જન લીન—શો આ ઉમંગનો—ટેક.

રામે રોળ્યો લંકાધિપતીને, મસ્તક એનાં દશોને છેદીને—શો.

પાંડવે શસ્ત્ર ગ્રહણ કીધાં આજે, રણમાં રોળી કૌરવની સેનાને

રજપૂત રાજ્યોમાં ઉત્સવ આજે, સકળ સેના હોંસે શૂરે વિરાજે

સ્વારી ઠામે ઠામે નિકળે શોભીતી, ઠાઠ જોતાં તેની ગાવી
શી કિરતિ.

વારાંગનાઓ— ૭

આજ આનંદ આનંદ વ્યાપિ રહ્યો
આહા વ્યાપી રહ્યો ખુબ જામી રહ્યો—ટેક

રાજા કરણની કીર્તિ તણો ધ્વજ
ઉડી ગગનમાં છેક રહ્યો —આજ.

ચંદ્ર સમું તેજ આપનું વાધો
જય જય જય જય સઘળે વરતો —આજ.

૮

રસુલ—આજ ખુબ મઝા ઉડાના યાર (ફકર ક્યા) જરા
બીન હું નાચાર—ટેક.

સમરસિંગ—મત ગબરાના દોસ્તો એ મેરે, મતહોના
નાચાર.

ટેકચંદ—આપનું ખીસું દૂર છે આજે

સમર૦—મત ગબરાના યાર—

રસુલ, સમર૦—આજ ખુબ મઝા ઉડાના યાર—૧.

રસુલ—શરાબ પાંઉ ઓર બિસ્કુટ લેના,

સમર૦—સુનના ગાના યાર;

ટેકચંદ—એઠો મને છે બહુજ ખાવું,

સમર૦—ક્યા બકતા હે ગમાંર;
રશુલ, સમર૦—આજ ખૂબ મઝા ઉડાના યાર—૨.
રશુલ—તું બણીચ ક્યા બકવા કરતે
સમર૦—એ ક્યા જાને વો બ્હાર;
ટેકચંદ—સું હું ઈહુકમાં ન હમજુ મીયા !
સમર૦—ચુપ ચુપ ખાયગા માર;
રશુલ, સમર૦—આજ ખુબ મઝા ઉડાના યાર—૩
રશુલ—પ્યારી જાન તો મેરી પ્યારી,
સમર૦—નહિ મેરી એકતાર;
ટેકચંદ—અડે મીયાં એતો ગાંડી પ્યાડી,
સમર૦—(ચુપ) એતો પેસેકી નાર;
રશુલ. સમર—આજ ખુબ મઝા ઉડાના યાર—૪,

પ્યારીજાન— ૯

પ્યારે મેરે આઈએ આઈએ મહેરબાન, આઈએજી (૪)
આઈએ આઈએ. પ્યારે.
આઈએ આઈએ ખુબ મઝાગી ઉડાઈએ,
તુમપર મેં કુરબાન.
નોકર તુમહારીમે, હાજર હુંજી (૨)
એ બંદી હે જરકી ગુલામ (૨)
કરૂંગી સબકો નાદાન, દેકે શરાબકા જામ—પ્યારે.

પ્યારીજાન— ૧૦

યહ શરાબકા પ્યાલા, લીજીએ ઓ પ્યારે મેરે-ટેક.
કયસા મજેદાર લ્હેજતદાર હયે પીઓજી પ્યારે,
મેરી કસમ પીઓજી પ્યારે—યહ શરાબ.
અયસા અચ્છા મયને સારી જીંદગીમે નાહીં પીયા,
પ્યારી જાન નાહીં પીયા
પીયાજી પીયામઝેમે ન ડરો હો પ્યારે મેરે-યહ શરાબ.

ખવાસ— ૧૧

નિંદ લીઓની, નિરાંત રાખી, શ્રમિત છો ભારી
આજે-નિંદ

મધ્ય થઈ છે જામની, નાવે નિંદ લગાર,
ચિન્તા તજી સહૂ કામની, પોઢો પ્રભુ આવાર;
ઠંડીશી લ્હેરકી, સુંદર બ્હેકી, આનંદ દેતી—નિંદ.
શાંત સહુ છે આ સમે, પ્રાણિ માત્ર તમામ,
ચોર ચપ્પારો નવ ભમે. એવો આપ દમામ;
પ્રભુ એ માટે, ખુબ નિરાંતે, આ મધરાતે—નિંદ.

ડંગીઓ— ૧૨

ચાલો રમીએ આવો બે'ન, ચાલો રમીએ આવો બે'ન
ફરી ફરી કૂદો અહીં, થાશે બહુ ચે'ન—ચાલો.—૧,
પેલા માણસોના બે'ન, પેલા માણસોના બે'ન
ફાડીને કલેજાં ખાવાનું, બહુ છે ચે'ન—ચાલો—૨.
મિઠી મીજબાની બે'ન, મિઠી મીજબાની બે'ન
માંસ ને રૂધીર કેરી, થાશે વા'લી બે'ન—ચાલો—૩
એને મોતે ઘેર્યા બે'ન, એને મોતે ઘેર્યા બે'ન,
ઘેરથી રીસાવીને આવ્યા, વા'લી બે'ન—ચાલો—૪.

૧૩

રાખીઓ—જયદેવ, જયદેવ, જય જગ સંહારા (૨)
અષ્ટ મૂર્તિ પરમેશા, પાર્વતિ મન રમણા—જયદેવ.

પ્રણત જનોના તાત, મોક્ષ તણા દાતા (૨)
દેવ લીધા તેં ઉગારી, વિષધર સાક્ષાતા—જયદેવ.
આદિ અંત નથી કાંઈ, ત્રૈલોકે ગહના (૨)
પાપ પુંજ બાળો પ્રભુ, મદન તણા દહના—જય.

રૂપસુંદરી વગેરે ૧૪

નમીએ અંબે, સરવે પડી તુજ ચરણે
અલબેલી થા તું, પ્રસન્ન આવ્યા, તુજ શરણે—ટેક

ભક્તભરણ, શુભકરણ, ઝરણસુખ, ચરણશરણ છે તારૂં
દળી અરિ, નિરમળી, કર મુજ મતિને—એમ સરવે
આયુધ ધરી નીજ અંગ; સ્હાય કોન લીધા સંગ,
માર્યા દૈત્ય માતંગ, રોળ્યો ચંડ પ્રચંડ, તેનાશત્રો
કરી ભંગ, મા મચાવ્યો ભારી જંગ, (૨)
અરિદળ વાદળ નાંખી વિખેરી, શાંતિ પ્રસારો સુરંગે
નમીએ.

૧૫

કરણ—આહા કર્મની ગતી છે કેવી, કદિ ન કળાય,
એ કાગને ત્યાં હંસીણી, દિલ મુજ ચણચણી, બળી
બળી જાય—આહા.
એ દેવાંગના ઇંદ્રઆસનને,દીપાવે એવી યોગ્ય સદનછે,
આપ્યું. [illegible]
[illegible]
[illegible]
જોઉં હરખી; મન ન ભરાય—આહા.
નરપતિ સરખાનો, મ્હેલ દીપાવનારી,
સુરપતિ તણી સર્વે, અપ્સરા દે લજાવી;
નહિ નહિ તહિં શોભે, આ અલૌકિક નારી,
સુજ્ઞ કરી વિધિએ રે, વિપ્રને ત્યાં સૃજાવી;
હરતી, હરતી, એ મદમાતી, નારિ,પ્યારી સારી, ધારી
મા'રી ખ્વારી કદી થઇ જાય—આહા

૧૬

ભવાઇ—મદન બાણ કામીઓને કરે ઘાવ કારી
બુદ્ધિ શુદ્ધિ સરવ લે લે, દર્દ દીએ ભારી—મદન૦
કામ તુને ભસ્મ કીધો, શિવજીએ નાંખી બાળી
છતાં અરે ખાખ તારી, નાખે જનોને પ્રજાળી
મર્દ દેખી શરને તે નાખે ઉપર ઢાળી—મદન૦

ગુણ લક્ષ શત્રુકારી, મંત્રી તણી દીકરી, જાણી
નિજમતિહિતમાં ગુનારી, ભવિષ્યનું પણ ભાનવાળી,
તેની આ આસ્થા કરનાર એક નારી—મદન૭

રૂપસુંદરી— ૧૭

દક્ષિણાક્ષિ મુજ ફરકે. ફળ તેનું કંઈ ખરે વિઘ્નકારી,
શુકન બુરા દેખી, મુજ મન કલ્પાંત થાય છે ભારી

રૂપસુંદરી— ૧૮

વળે નવ ચેન, બેની મારી, આવી પડી છેક લાચારી. ટેક
ચિંતા અધિક ચિતા થકી, બાળી કરે જન ખિન્ન
ચિતા બાળિદે સ્હેજમાં ચિંતાતો નીશદીન.
થઇ હું છેક, દુખીઆરી, સુઝે નહીં કાંઇ આ વારી—વળે નવ.
ચંદ્ર વિના જેમ રેન છે, લુણ વિણ જેમ આહાર;
કાજળ વિણ જેમ નેન છે, પતિ વિરહે તેમ નાર.
તેવી બેની, દશા મારી, ન ટાળે કો એ બીમારી—વળે નવ.
માઠા શકુનનું ફળ શું છે, એ વિચાર કટાર;
ભાંકે દંખ વિછુ સમો, શું રે કરું આવાર.
ઉઠે જવાળા, બેની મારી, ઓલવવા નહિ પિયુ વારી—"

રૂપસુંદરીની સખી— ૧૯

ધીરજ ધીરજ ઉર ધારો. (બાઇ) ટેક
હિમ્મતને છોડીને આજે, શીદને આમ અકળાઓ—બાઇ ધીરજ.
સમજુ વળી વિવેકી બેન, શીદને આમ ગભરાઓ,
આપ નિરંતર સ્વામી સેવા, નિર્મળ મનથી બજાવો—"
કોનું બુરું કદી આપ ન ઇચ્છો, સદા કરો ઉપકારો,
શુકનની વાત ન મનમાં લાવો, જગદંબાને સંભારો—"

રૂપસુંદરી— ૨૦

આશું જોઉં મજુ આંખે હું મારી.
કદલી ઉપર આ ઘાવ શો ભારી—આ શું (ટેક)

શિરછત્ર આ મુજ પડિયુંરે તુટી,
અંબા તું કેમ આ મુજપર રૂઠી,

કેમ રઝળતી મુકી મુને આવી,
એના પેંહેલાં કેમ મુજને ન મારી;—આ શું ૨

કોમળ અંગે શો ઘાવ આ કારી,
કેમ જોઈ સહે આંખે આ નારી;

પ્રેમી પ્યાલો શો નાંખીઓ ઢોળી,
વિષ કેમ મુને ન આપ્યું ઘોળી—આ શું ૩

આપને જોઉં હું રૂધીરાળા,
આ વહી જાએ રૂધીરનાં નાળાં;

લાચાર થઈ છું, અબળા હું બાળા,
રંડાપા કેરી અતિ ઉગ્ર જવાળા—આ શું ૪

ગુણસુંદરી— ૨૧

અરરર પ્રભુ શ્યો શો, કેર આ આજ કારી,
પિયુ વણ કેમ જીવે, રે અરે રંક નારી;

મરણ દવથકી આ, રે બળે તન વાડી,
અરરર પ્રભુ હવે તો, મુજને લે ઉપાડી.

ગુણસુંદરી— ૨૨

માજી મુક શોક તું હો, શાને કલ્પાન્ત કરે?
જગત છે આ જૂઠું હો, શામાટે તું આંસુ ભરે?
મરણ ડર માવડી હો, જરી નથી મૂજને.
સગું વ્હાલું કોઈનું હો, નથી કોઈ આવે સમે.
દિવસ એક દેવો હો, ચોડા ઇઆ વેહેલો,
પ્રભુએ દી નિરમ્યો હો, જનમ સાથ મરણ તણો;
માટે આડી થાઉં હું હો, સતિ સ્વામીમરણ થકી.

હઠ તારી છોડી દે હો, મુને શોક જરીરે નથી.
નાગર કેરી પુત્રી હું હો, છોડું નહિ ટેક કદી
ક્ષમા કરજે મુને હો, માવડી જોડું હાથ વદી.

ગુણસુંદરી— ૨૩

થાવાદ સતી થાવા દને--(ટેક)
જેણે મારૂં પાણિ ગ્રહણ કરીને, સંસારમાં સુખ ઘણું દઇને
લાડ લડાવ્યાં મન ગમતાં તે, જીવું હવે આ જોઇને?
થાવાદે—૧

જીવવું અસદગતિ કરવાને? નિજ પતિ નરકે નાખવાને?
વસ્ત્રાલંકારને તજવાને? દુઃખ ભોગવું શું એથીને? થાવાદે—૨.
વિધવા દુઃખ શો મુજ ટાળવાને, સમરી કરી હું જગદંબાને
તેને ઓળ મુજ શીશ ધરીને, માજી સતિ થાવા દને-થાવાદે-૩

પ્રજાજનો— ૨૪

ગજબ ગજબ ગજબ થયો, આ પુરમાં આવાર,
ધિક ધિક નરપતીને, ખરે ખરો ધિક્કાર;
જુલમ જુલમ વ્યાપિઓ, રે'વામાં નહીં સાર,
વિષયમાંહી ગર્ક થયો, રાજા જે પાળનાર.-ગજબ.
રેહેવામાં હવે કાંઇ નથી રે માલ,
લીધી અબળાહત્યા, શા થશે પુરના હાલ;
દુઃખનું પેઠું ખરે ખરૂં, પુરમાં સાલ,
કર્મ ભુંડું ભારી કર્યું, ફસીને મોહ જાળ.--ગજબ.
હત્યા હોરી સ્ત્રીની, શિર લીધો શાપ,
પુરમાં હવે રહેવું જો, ઓવી હોય નિરાંત;
પુત્રિ સ્ત્રીની લાજ, કેમ રહેશે દીન રાત;
શેહેર છોડી ચાલવું, ન કરો બીજી વાત-ગજબ.

પ્રીતમલાલ— ૨૫

હાય હાય મુજ મિત્ર ઉપર આ આફત કેવી ભારી
આ શો ગજબ રંક ઉપર દૈવી હાય! રહ્યો વરસી
પિડા આ તુજ પર શી, વદી નવ જાયરે મુજથી--૧
તારી સ્થિતિ હાય! શું હું રે વરણું છાતડી ફાટે મારી
ક્રૂરા અરે તુજ રાજાને પણ આવે દયારે તારી
ઘાત આ શી કારી, ઉપડશે ડગ કેમ મારી ૨

મની તારી, કરણુ હરી હાય! એ તુજ કર્યું પડતાં
ગુણસુંદરી સતી થઈ અરે હાય! કેશવ પડતે લડતાં
થશે શું એ સુણતાં, પ્રાણુ જારી ધરણી ઢળતાં-3
આફત આવી ઇંદ્ર સુણી તું, લોહી ન કેમ વરસાવે
શેષ ધુજાવી આ અવનીને, કેમ નહીં કંપાવે
પશુ પંખી તમને, રૂદન હાય! કેમ રે નાવે.-૪

ગુણસુંદરી— ૨૬

ધર્મ નિતી દુષ્ટ તું છોડી બોલે, ક્રૂર પાપિષ્ટ વિષકૂપ ખોલે,
નીજ રૈયત તાણ્યા તાત થઇ તું અરે, અધમ અતિ ઘોર આ કૃત્ય જોડે.
ધિક્ક તુજ તાતને, ધિક્ક તુજ માતને પેટ અંગાર ઇઠીનામ બોળે.
વિષયમાં અંધ થઇ મદ મતિ છંદ આ, જે થઇ દુષ્ટ તું આમ હોડે
હૃદય નિજ કોરીને, દુઃખને હોરીને, સુખ સર્વેનું તું પાત્ર ઢોળે—ધર્મ નિતી.

ગુણસુંદરી— ૨૭

અંબા માવડી સર્વ દુઃખ શમતા, ભકતો તણી કામદા
મારીને અગણીત દુષ્ટ અસુરો, રક્ષા કિધી તેં સદા;
આવી દીન હું યાચુંછુ તુજ કને, પાપો સહૂ કાપજે,
પાખંડી મતિ કાપીને તુજ તણી, રક્ષા તળે રાખજે—૧.
દેવી તુ અવિનાશી સાચી વરદા, કર્શે જનો શું કથા?
કૃત્યો આ જગમાં દિસે તુજ તણાં, આનંદકારી સદા
આકારો રવિ ને શશિ નિરખતાં, નક્ષત્ર તારા વળી,
પ્હાડોને નદિ વૃક્ષ સાગર ભુમિ, જાએ મતિ તો ભમી-૨
મારે કો નથી અન્ય આશ્રય અહીં, સાચો વિના તાહરો,
સર્વ વ્યાપી દયાનિધિ નિતિ રૂપી, નૌકા તણો આશરો
અંબા, તૂં મુજ ભકિત સાચી નિરખી, પ્રીતે સદા પાળજે.
બીજા જન્મ વિષે સહાય કરીને, એ સ્વામીને આપજે-૩

રૂપસુંદરી— ૨૮

હાય, શી આ દશા મારી, પ્રભુ, દયા તુને નાવી—હાય. ટેક
ક્યાં હું હતી ને લાવ્યા અહીં ક્યાં, આ સ્થળ શું હું જોઉં,
હાય, શું હું નસીબને રોઉં, ભાન મુજ ખોઉં, આરો નહીં
જોઉં—હાય. ૧

ભુંડો ભુંડાનો ભાવ ન મૂકે, એ વાત છે નિર્ધાર;
હાય, પડી હું નિરાધાર, ન દુખનો પાર, થઈ લાચાર—હાય ૨,

હાય, પિયુ શી આફત તમ પર, પડી હશે નિર્વાણ,
હવે થઈ પુરી હેરાન, દુઃખની ખાણ, બચે કેમ પ્રાણ—હાય ૩

દીયર તારા હાય મરણથી, નેત્રે ન આંસુ સુકાય,
દેરાણી દુખ તુજ હાય, સુણી ઉઠે લ્હાય, ન કો ઉપાય—હાય.૪

કરણ— ૨૯

ચંદ્રવદની કમલાક્ષિ સુંદરી, મોહયો હું મુખ નિરખી નિરખી
ગૌર ભાળ દેખી કર્પુર લાજે, જાણે રતી ભૂપર ઉતરી,
મનહર રૂપ છે કામજનક એ, કેશ જોઈ લાજી શેષફણી
—ચંદ્રવદની. ૧

અમૃત સમ છે રસદ અધર શા. સિંહ મોહયો શું કટી નિરખી,
મૃદુ કાય કદલીસમ કુમળી, ગાલ ગુલાબી યુવાથી ભરી— ,, ૨.
શાંતિ યુવતિએ મુજ હરી લીધી, અભ્રથી શું ઉતરી વીજળી!
ઝગી રહી અવની પર જેથી શુધબુધ મુજ લીધી છે હરી—,,૩

કરણ તથા રૂપસુંદરી— ૩૦

મારી પ્યારી રૂપસુંદરી, દિવ્યદેહધરી, ઉર્વશિ પરી, ચિત્ત મુજ હરી
આમ છોડીને રૂદન તારૂં, ખોલ તું હૃદયરી—મારી પ્યારી—ટેક

નૃપતિ નથી આ શોભતી, અઘટિત આવી વાત,
પાલક છો નિજ દેશના, વિશ્વ વિશે વિખ્યાત;

છો રૈયતના તાત, તમે ક્ષત્રિની જાત, શાને લજાવો છો તમ માત
કરો વિચારી વિચારી, તમે આની હૃદયવેધી વાતરી.
મારી પ્યારી રૂપસુંદરી, વ્હાલીરી, મારીરી, પ્યારીરી—મારી,
પ્યારી. ૧

જેમ સ્વાતિબુંદની ચકોર જોય વાટ,
તેમ હું જોઉં પ્યારી તારીરી, વ્હાલીરી, મારીરી-મારી પ્યારી. ૨

ધબકે મારી છાતડી, સુણી આ કઠીન વચંન,
ફેર કીધારે જગતમાં, ધિક્કાર તુજ જનમ.

છે ધિક્કાર તુજ જનમ, તુજ ફુટી ગયું છે કરમ, છે તુજને શરમ શરમ
કીધી લાચારી લાચારી તમે અહીં મુને લાવીરી.
મારી પ્યારી રૂપસુંદરી, વ્હાલીરી, મારીરી, પ્યારીરી--મારી
પ્યારી. ૩

એમ વદેશું પ્યારી મારી, છોડી દે તું માન, આ તારૂં ગુમાન,
હવે કોપીશ નિશ્ચે ધાર, ઓ હઠીલી વ્હાલી નાર
લે જાણી, મુજ રાણી, દાસીરે, કરીશ હું.
ન માને આ વારી નારી તો હું છેદીશ તારૂં શીશરી—મારી પ્યારી

રૂપસુંદરી— ૩૧

ફેર આ શો મુજપર વરતે છે અહો પ્રભુ શો ફેર,
પ્રાણ જવાનો સમય આ આવ્યો, આ ખુનીને નાવે મ્હેર.
રાજાથી રક્ષણ કરવું એ, પરમ પવિત્રજ ધર્મ,
તે મુકી દેને શીરછેદ કરશે, ખરે ફુટયું મુજ કર્મ.

રૂપસુંદરી-- ૩૨

નસીબની વાત, ખરેછે ન્યારી, સો જન જાએ છે હારી--નસીબ
ભાવી લેખો જે ચુક્યા લખાઈ, થાય કદી તે નાજ મિથ્યાય,
પ્રભુ કેરી ઇચ્છા ન વિના એક તૃણને ગતિ કદી થાય,
થાએના વિતી નિશ્ચે આ વારી-સૌ જનજાએછે હારી-નસીબની
જે પ્રિય પતિએ, દુઃખ વિષે પણ મુને દીધું છે સુખ અતિ
તેના વિજોગથી, આ મુજ અંગે, લ્હાય રહી ધગધગી
ઓલવવા રતિ ન પિયુ વારી, શી પીડ પડી આ ભારી--નસીબ
સ્વારથી દુનીયા શક નહીં જરી, પાલકની પણ ગઇજ મતિ,
રૂપથી મોહી મુને લીધી હરી, એ નવ રેહે નિત કદી
સિદ્ધી સી--ઝાંને મરિશ હારી, થઈ છેક પુરી લાચારી.
—નસીબની. ૩

અંક બીજો

કંચની— ૩૩

સદા મ્હેર બરસાઇએ આ ઇલાહી મ્હાં પર,
ખીલજી તખ્ત કાયમ રહો બાત્રે ઇરમ જહાંપર;
શાહ અલાઉદ્દીનકો, રખના તું હરદમ,
ગાત મુબારકબાદી હમ, સબ સખીયાં હમદમ.
સખી કીસ મીસ કરો આજ અયશો અશરત.
સરસ દરસ દીલદાર દેત હય, બરસ બરસ
ખૂબ નુર બરસ, શાહજાદા કરો ખૂબ અશરત-સખી

અલાઊદ્દીન— ૩૪

સુની માધવજીકી બાતેં ખુશી પયદા હુઇરે.
સુનો સબ દરબારી, યહુ બ્હોત બાત હય ભારીરે,
તુમ બ્હાદુરીસેં લડના, તુમ હોકે મર્દ નહીં ડરના,
ગુજરાત દેશ સર કરનાં, કચ્ચે સોનેસેં ઘર ભરના,
હીલ્લાહીકા હય સાયા, હનપે કમતી નહીંરે-સુની
કરો અબ તૈયારી, યહુ પાઇ તક સારીરે
કાફર પર ફત્હા પા કર, પટ્ટનપર ખાસ જા કર
માધવકા હુકમ લે કર, રૂપસુંદરી વાપસ દેકર
કર કપટ કરનકો, હાકીમાત મુસ્સોહી દેનીરે-સુની

જાશુસ— ૩૫

દુષ્ટ તુરકડા ગુર્જર ઉપર, લશ્કર લઇને આવેછે
પાટણને ઝટ ઘેરી કરીને, હરાવવા તે ધારેછે.
કેમ બેશી રહ્યા આંહી, નથી ખબર શું કાંઇ
સાધે છે માધવ તેથી, થાશે બહુ હાની
ઉઠો ઉઠો ઝટ રાજ ધરો છેક ધૂળ ધાણી-કેમ. દુષ્ટ

કરણ— ૩૬

દુષ્ટ આવ્યાછે મોતને કાજ—કરણ શું બેશી રહ્યારે
શું એ લેશે પ્યારૂં ગુજરાત— ”
એને દઇશું અહીં છે સરજત— ”

કાળ લાગ્યો છે એને ખચીત— ”
હજી જોયું નથી શુરાતંન— ”
હજી નબળું પડયું નથી મંન— ”
મારા કિલ્લા ઘણા મજબૂત— ”
હજી જીવે છે ક્ષત્રિના પૂત— ”
શત્રુ મારવાને આ હસ્ત — ”
ચળવળે છે બહુ બની મસ્ત— ”
મારી તરવાર છે તરસીજ— ”
તેને કયારે પાઉં હું રૂધીર— ”
વાહ વાહ એવો દા'ડો કયાંય— ”
રજપૂત જાયે રણમાંય— ”
એ છે માધવ કેરૂં કૃત્ય— ”
ખરો નાગર એ કમબખ્ત— ”
કરો યુધ્ધ સામગ્રી તૈયાર— ”
કાલે કુચ કરૂં નિરધાર— ”

કરણનો સામંત— ૩૭

કાઢો શું આ વેણ મુખેથી, રણમાં ઝટ ચાલો,
રિફામર્દ થઇ દઈ દાખવો, કાયરનું આ તો.
સજ્જ શસ્ત્ર ઝટ ખંત લાવીને, આળસ નિજ કાઢો,
ટેક ધરી અરિને મળવામાં, શૌર્ય સદા દાખો.
ઉમંગ લાવી રણસંગ્રામે, રણધ્વજ ફરકાવો,
અસંખ્ય સત્રુઓના દળને, નિજ બળ દરશાવો.
સમરો સમરો નિજ પૂર્વજ કેરાં શૌર્ય તણાં કામો,
નવ કરવો ઉજ્વળ કીર્તિ કેરો, સૂર્ય જરા ઝાંખો.
નવ પીવો કાયરપણનો કડવો, વિષનો જે કહાવો,
થઇ નિડર માંડી દો હોડ, શૌર્યામૃત પ્યાલો.
શું સિંહ અજાથી ગભરાઇ, કરશો કોતર વાસો?
વેણુ તમારાં નિકળે જેથી, ગમાવશો શાખો.

ઉંચલોહીના ક્ષત્રી શૂરા, સ્વતંત્ર રણધીરા,
જેમ ખાડમાં પડતાં થાશો, બ્હીક તણા કીડા.
ભયભિત થઈને મરવું એ તો, ધિક્ જીવતર રણમાં;
નીચ તુરકના કાયર ભૂંડા, ભરાઈ રેહ ઘરમાં.

કુરણ— ૩૮

રજપૂત શૂરારે, જુધમાં વીર નથી શું?
કાયર થાશો શું? જનુની લાજવી શું?

શું આપણ સ્ત્રીઓની પેઠે, ભરાઈ ઘરમાં રહીએ?
જુધકાળમાં જોર આપણું ગયું? શું જગને કહીએ!-રજપૂત. ૧

કદી આપણો થયો પરાજય, તો શું નિરબળ થૈને,
મ્લેચ્છ તુરકડાઓને હઠાવી, ફરી નહીં શું દઈએ!— " ૨

રજપૂતોનું પાણી ગયું શું? ઘાસ ખાઈ શું જીવીએ?
વણિક વેપારી જેવા કાયર, થઈ શું જગમાં રહીએ!— " ૩

શું પૂર્વજ રજપૂત તણાએ, શૌર્ય નથી દરશાવ્યું?
તેના ઉજવળ નામ ઉપર શું, કાળું વાદળ છાવું?— " ૪

આપણ ક્ષત્રી થઈ વિધવા સમ, ખુણે બેશી રહીએ?
પુરૂષ નહીં પણ વ્યંઢળ પૂરા, એ ઉપનામજ ધરીએ— " ૫

રજપૂતોએ રણસંગ્રામે, શત્રુ થકી શું ડરવું?
ઊંચ વીર્યને દર્શાવીને, જીતવું કે ક્યાં મરવું—રજપૂત ૬

સામંતો— ૩૯

રાજ વિચાર એવો જો ખુદનો, સેવકજન શું નથી રણિયા?-ટેક
હિમ્મત સાથે ડહાપણ જોઈએ, ખુરૂં વદે ન પછીથી દુનિયા,
એ સમજી મત એ દરશાવ્યો, ધારો ન પ્હેરી અમે કાંચળીયાં
—રાજ વિચાર. ૧

મેદાનમાં લડવાની ખુશીતો, શું તન અમ નથી મદ ભરિયાં?
તૈયાર છીએ જરી નથી ડરિયા, આલો કરીદો ઝટ કેશરિયાં
—રાજ વિચાર. ૨

રજપૂત લશ્કર— ૪૦

રણજોધ્ધા ધુમોજી હર હર હર સમરો.
નિડર સુરી, ચરણ રણ જોધ્ધા ધુમોજી—ટેક
શસ્ત્ર સજો, કમર કસો, ખૂબ ધસો, નિજ પિતુ સંભારો,
વીર વધો, કદિ ન ડગો, અરિ પટકો, જરી ન ડરો;
બરછી, તિરછી, ધરિ લાગ જોઈ કરી, અરિ ભુપર રગદોળો
હે, પ્ર,ભૂ, તું, યશદ શિશુતણું પુરણ શરણ—રણ ૧
મ્લેચ્છ જનો, કરિ કટકો, વળી કપટો, કરે પુરસંચારો
દુષ્ટજનો, લઈ હઠ તો, ધસિ ઝટતો, કરશે મરો;
પટકો, નહિંતો, ઝટ ગુર્જર કરશો નિજ ઉજડ મુજ યારો
ચા,લો, જુ,દ્ધે, નિડર થઈ કરો, ઈશનું સ્મરણ—રણ ૨

અલફખાં— ૪૧

પાક દીનકે લડનેવાલે, અબ મયદાન હો જાવો.
કુત્તે જયસે ભોંક રહેહે, સબ કાફરકો મારો;
મત ડરના હે મેરે દોસ્તો, ફતેહ ફતેહ લલકારો.
વો બકરીકે સાથ સબી તુમ, બહાદુર શેર હો જાવો,
શિકાર અચ્છા હાથ લગાહે, મત છોડો હુશીયારો.
ઝટપટ સબ બીજલીકે માફીક, સબ તલવાર ચલાવો,
અલ્લા અકબર દીલમે રખકર, જલ્દી પાઉં ઉઠાવો—

કરણનો સામંત— ૪૨

શા બુરા હાલ ગુજરાત, પડી ગઈ રાત, દીવાળી નિત જ્યાં
આ ચણ ચાણ ચાણ લોહી બળે, દુઃખ તુજ જોતાં—ટેક
તુજ તનુજ ઉપર કેહત્રી, આવીછે પડી, બુરી આફત શી,
સ્વામી તુજ કેરો થયો, મ્લેચ્છ પરદેશી;
પડ્યો કરણ રાજ સરદાર, મારિ અરિ ઠાર, હઠીલો પૂરો,
મુકી પોક રોતી નથી કેમ, ગયે તુજ શૂરો;
શું વજ્ર, સમું તુજ હૃદે, હજી પણ મદે? દિસે ભરપૂર,
મન માંહી લાજ તું જરી, બની કેમ ક્રૂર.

તું થઈ ગઈ આવી કેમ?
તને નથી જરા કંઈ. હેમ?
શો છેક ઉતાર્યો પ્રેમ!

શું વિધવા થૈ શું વરે, અન્ય પતિ ખરે, મિતી તુજ ગઇ ક્યાં?
—આ ૧

હવે પિતા સાવકા કને, કદી નહીં બને, ઘડી ભર એક,
શાતા વળવા નહીં સ્થાનું દઇએ એક.
હાય હાય હિંદુ રે ધર્મ, ફૂટ્યું તુજ કર્મ, અંત તુજ આવ્યો
હાય હિંદુ રાજનો સાથ, પાર પણ લાવ્યો.
વનરાજ અને મૂળરાજ,
સિધરાજ નથી કંઈ દાઝ,
જોઇને કુમતુ આ આઝ,
નથી વ્હારે ધાતા કેમ, લીધોછે નેમ, ધારીને મનમાં,
હવે કરીએ છેલ્લી સલામ, રૂધિર નહીં તનમાં—શા બુરા ૨

કાળાગ્રાણી— ૪૩

અરેરે દુઃખ, નવ જાએ આ સહ્યું—ટેક

પિયુ વિના જીવતર રે આ ભુંડું, કેમ જાશેરે વહ્યું—અરેરે ૧
વિણ પિયુ પ્રાણ આ તન મારૂં, ખોખું થઈરે રહ્યું— " ૨
ચિત્ર તારૂં આ મુજ હૃદયેથી, જાએ નહીં વીસર્યું— " ૩
વૃક્ષ કોમળ મુજ આશાતણું તે, મરણ ભુંડે છેદીયું— " ૪
જીવતાં કેરૂં આ, ઉપવન લીલું, મોત દવેરે દહ્યું— " ૫
સ્વામી મરણથી આ દુનીયામાં, વૃથા હવે જીવવું— " ૬

રાણીઓ— ૪૪

છોડી રૂદન મુજ બેનડિ વ્હાલિ ઉર હિમ્મત લાવો.
જરી મન વિચારો, તમો સહુ ક્ષત્રાણિ કહાવો;
ક્ષત્રિ રૂધિર તમ રગમાં વહેછે, એ મનમાં લાવો--છોડિ૦
ખરા રજપૂતની આપણ જાત, ખરા વીર જોદ્ધાઓની માત
જે ઓછે આર્ય ભૂમિનુ નાક, વાત શું એહ ભુલી જાઓ.
—છોડિ૦

પ્રતિષ્ઠા નિજ શું નવ વ્હાલી, યશસ્વિ ઉચ્ચ તેજ વાળિ
કરવિ શું કલંકીત કાળી; લાવિ ઉર નિરાશ વિસારો—છોડિ૦
હવે નવ બેશી રહો અહીયાં, કઠણ સૌ કરો નિજ હૈયાં
કાયર નવ થવું જરી રહી અહીં, હામ ધરિ આંસુ લુછી
નાંખો—છોડિ૦

તુરકડા ઝટ આવી ચડશે, પતિવ્રત આપણું તે લુટશે
એકમાં બે ભવ વળી કરશે, લાવો સૌ વિચાર મન આવો
—છોડી૦

નથી તમ વિચારથી અમ દુર, ક્ષત્રિનું ગયું નથી હજી શૂર
ઝાંખુ નવ કરીએ આપણું નૂર, બેની શું કરો આવી વાતો
આપ વિચારને આધીન છીએ, એ નિશ્ચય રાખો—

ત્યારે હું કહું તેજ કરવું, જરી નહી મનમાંથી ડરવું
હિમ્મત હૈયુ નિજ ભરવું, હવે તો યશ વરને વરવું
મ્હેલને આગ લગાડી ઝટ દઇ માંહે બળી મરવું—

કૈળારાણી— ૪૫

ઓ મારી વ્હાલી લાડકી, પુત્રિ થાઓ વિદાય,
દુખદરીએ ડૂબાડતાં, છાતી મુજ ફાટી જાય—ઓ મારી૧
ઉદર મારામાં મેં દુઃખથી, રાખી હતી નવ માસ,
ખમી દેહકષ્ટ મોટી કરી, રાખું પળ નવ પાસ— ” ૨
વદન સુંદર નિહાળતાં, અતિ થાતો આનંદ,
કાલું કાલું વ્હાલું બોલવું, ઉપજાવે આનંદ— ” ૩
તમારાં સુખે સુખી હું હતી, દુઃખે દુઃખી ખચીત,
થાશો નમાયાં આજથી, એથી દુખ શું અધીક— ” ૪
સુખનો સુરજ અસ્ત પામીયો, હાય કેમ ખમાય,
જાઓ કે'તાં ફાટે છાતડી, અન્ય નથીરે ઉપાય— ” ૫

દેવળ૦કનકદેવી— ૪૬

ઓ માજી કેમ કાઢો રે દુર અમને અરે,
ઓ માજી નહીં જઇએરે રહીશું તમ કને—ઓ માજી
ઓ માજી મારા પિતા કયાંછે મુને કહોનીરે
તેના વિના પળ એક, ગમે નહીં અમને— ”
ઓ માજી શો કીધોછે, અપરાધ રે અમે
ઓ કા'ડી કેમ મૂકોરે, દયા નથી શું અરે— ”

રૂપસુંદરી— ૪૭

પ્રભુ કૃપાથી આપણો, સંયોગ આજ તો થયો—ટેક
અસહ્ય તાપ પ્રાણનાથ, આજ આપણો શમ્યો—પ્રભુ૦

ભીડું હું બાથ સ્વામીનાથ, પ્રેમ પાશ સાંધીયો,
હરખઘેલી થઇ હું આજ, રંગ અંગ ઝામીયો—પ્રભુ૦
કાળાં કૃત્ય કીધાં તેનાં, ફળ કટુ તે પામીયો,
સહજ થયો ખ્વાર રાજ ખોઇ કમોતે ઝાલીયો—પ્રભુ૦

લુટારા— ૪૮

મારો કાટો લૂટો પીટો, યહ કરના હય કાર હમકો,
લેના ક્યા હય દેના ક્યા હય, ભાઇ કહો હરબાર હમકો.
કોરસ { અપની હિકમત અપની હિકમત, અપની કિસ્મત હય હમકો
{ જંગલમેં મંગલ કરતે હેં, હય સરદાર હમરાહ હમકો
અપને બાલકા હય પેશા, ઇસમેં ક્યા ગભરાના હમકો!
ક્યા ડરના હય યાર કહો તુમ, જમા કરો મિલકત હમકો
—અપની.

કૈગારાણી— ૪૯

હાય હું ના મોઇ રે, દૈવ હો દુશમન
મુજ રસિયો, રણમાં ધસિયો, ખુબ લડિયો,
ન ખસિયો, ન ડગીયો, જરી પણ તે, દુશમનને
જોઇ રે—હાય.
શૌર્ય થકી લડતાં તે પડિયો, ક્ષત્રિ પુત્ર જાઓ શું ડરિયો
પણ રે, ધિક્ છે, મુજને, કે, રહી હું રોઇરે—હાય૦

કૈગારરાણી— ૫૦

અંબા અવા સંકટમાં, થાતું મુને સહાય;
નિર્બળ સ્ત્રીની જાત, ભ્રષ્ટ થાય કાય. ૧
આવી પડીશું ક્યાં અરે, હાલત આ શી?
ખંડિત પતિવ્રત થાયે, થૈ હું નિરાશી. ૨
વાઘની ગુફાની માંયે, જેમ અજા ફસાય;
તેમ આ ઝુંપડીની માંયે, આવી પડી હાય ૪
દુષ્ટ મારી તરફ આ, કરશે બળાત્કાર
લાજ લૂટશે એ મારી, ભણું જો નકાર ૪
અંબે, દિન દાસીને આ, સુઝાડો ઉપાય
જેથી પતિવ્રતા વ્રત, તૂટે ન જરાય. ૫

કોળારાણી— ૫૧

હો મૂકી રડતી, ક્યાં ઉડી, ગયા ઓ! પ્રાણનાથ—હાય હાય વદું શી વાત.
સુખ સર્વ વહી, હાય ગયું, મુકી એકલડી જાત—હાય હાય પ્રિય પ્રાણનાથ.
તુજ પ્રાણપ્રિયા વિરહ દર્દની લીધી નવ દાઝ--હાય હાય પ્રિય પ્રાણનાથ
કેળ ગર્ભસમી, કનક મારી, દેવલ પારિજાત--હાય હાય નથી મુજ પાસ
કાલી કાલી મધુર વાણિ તમારી શી તેની વાત--હાય હાય વદું.
તરછોડી અરે કીધી રઝળતી આ મારે હાથ—વદી ન જાએ વાત
માત તાત ભ્રાત ન્યાત જાત છોડું હું હાએ આજ —હાય ધિક્ક મારી જાત.
હાય હું ફસી ગઈ મ્લેચ્છ હાથ, વળી વટાળી જાત--હાય હાય વદું શી વાત।
પ્રાણથી અધિક પ્યારૂં મારૂં છોડી જાઉં ગુજરાત! ધિક ધિક્ક મારી જાત.

કરણ— ૫૨

હરિ તારી ગતિ અતિ ન્યારી, સૌ જનને ચાનકકારી--ટેક
જન કરે દુષ્ટ જે જારી, પામે તે નિશ્ચે ખ્વારી--હરિ તારી
તેમારી ગુર્જરી ભુમિ, લજવે સુરપુરિ. ભરતમાં ઘુમી, પ્રેમથી ચુમિ,
ઝટ થઈ ન્યારી, આ કરીને ઘાવો કારી—હરિ તારી ૨
મારી કોળા ન રોતના, ન રૂપમાં મણા, હશે થે ફના, તેહના વના
થઈ લાચારી, આ સળગે તનની વાડી--હરિ તારી ૩
પ્રિય મારી કનકદેવસી, આરસપુતળિ. દેવળ દેવલી, પુષ્પની કળિ,
ઝટ થઈ ન્યારી, ફરી મળવાની ના વારી--હરિ તારી. ૪

કરણ— ૫૩

પ્રભુ તુજ કેરી કૃપા મુજ ઉપર થઈ આ ભારી
વિયોગ વેદના મુજ આથી અરે તેં મટાડી
સુખતાણું પાત્ર પ્રભુ કર્મે નાખ્યું ઉંધું વાળી
તેમાં ટીપું એક શેષ રહ્યું, ગતિ ન્યારિ તારી
જેવું કાળી ઘાવ ઉપર એ પણ લાગે ઠંડું મારી
તમ કોઈ દિ[illegible] આનંદ આપ્યો મા[illegible]ી પુત્રિ પ્યારી.

અંક ૩ જો

દેવળદેવી તથા સખીઓ— ૫૪

દે—સખી ચાલો આજ ઉમંગે, બગીચે ફરવા.

બધી—હળિ મળિ સખી સહુ સંગે,

૧—ખિલ્યું બેની જોબન નવરંગે— ટેક

અતિ ઉકળાટ શરીરને પીડે આ તાપ કેમ સહીએ
વૃક્ષ શિતળની છાંએ બેશી આનંદ રમીએ—સખી.
જાઈ જુઈ ચંપા ચપેલી સેવતી રહી બહેકી,
સુગંધીમય પુષ્પોને, નૃત્ય કરાવે પવંનની લ્હેકી-સખી.
કેવો કર્ણને આપે, નાના વિધના ખગો આ આનંદ
કોયલ કરીને ટોકા, શો નાચે આ મયૂર મંદમંદ--સખી.

દેવળદેવી તથા સખીઓ— ૫૫

કેવો વર્ષાનો ઉતપાત રે સાહેલી આ તે
રસિક જનોનાં સખી, મન અકળાએ.

વિહ્વળ થાયરે શાં મનડાં ભારે.

જંત કલરવ કરી, નીંદ ન લેવા દેય
વાયુ જોરથી વાઇને, સુખ છીનાવી લેય,
જોબન કળિઓ સખી, જ્યારે ખીલી રહે--વિહ્વળ ૧
તન સુખ જાએ સખી, મન સુખ જાએ.-વિહ્વળ
મંન વિકારો કેમ સહે, મુગ્ધા અબળા નાર,
પ્રોવાયું ચિત્ત નીકળે કેમ કરી એકતાર—
મદન શીકારી રાજા, આવી પડેથી—વિહ્વળ.

૫૬

દેવળદેવી—આવે સમેછો આવીઆ, કોની તમેછો કોણ?
શંકળદેવ—ક્ષત્રિ તનુજ શંકળદેવ નામ મારૂં તું જાણ,
રામદેવ રામભકત મુજ પિતાનું નામ.
દેવળદેવી—કયાંથી છો આવીઆ અહીં કોની તમારૂં ગામ
શંકળદેવ—દેવગઢે છે રાજ કરે મુજ પિતા તું માન.

દેવળદેવી—આટલે દૂર આવી ચઢયા ધન્ય તમારી હામ,
શંકળદેવ—શિકાર કાજ ભ્રાત સાથ એ ક્ષત્રિનું કામ.
દેવળદેવી ૫૭

પ્રેમથી ફસવી શું રસિક પ્રિય
ઉપકાર મિષે ચિત લીધું ચોરી,
તન રંગ મુજ છોડી જાય;
પિતા પાસે મુને ફળ કેમ વળશે
કેમ મળુ કહેવાય, રસિક પ્રિય—પ્રેમથી.

સખી મારી તો દુશ્મન થૈને,
પ્રિયસંગ છોડવી જાય;
પ્રીતમ જળ વીણ મિન કેમ જીવે
તરફડીને મરી જાએ, રસિક પ્રિય—પ્રેમથી,

શંકળદેવ— ૫૮

ચંદ્રવદન કમળનયન મદનસદન નાર
પ્રેમઝરણ ચરણગમન હરણી શું કરનાર
શેષ ફણી જોઇ કેશ, કેસરી કટીને ભાળી
કર્પુર જોઇ ભાળ, પ્રવાળી અધરે હારી
અંગ રંગ ગુલાબ, સુધાવાણી મનહરથી
તનુ અંગે શેલડી, રસીક જનના મનહરતી
રતન ઉતંગે ગયો, મોગરો ખટ કરમાઇ
દંત કળીથી દિંગ, થયું દાડિમ શરમાઇ

ઘડિ વિધિએ નીજ હસ્તથી, અરત કરી કુદરત બધી
વર્ણવવા એ રૂપ, શેષ લેશ સમરથ નથી.

શંકળદેવ— ૫૯

પ્રિય અરે મુજ ભ્રાત—વદુ શું
મન તો જરાય નહી વળે મુને હાય આ
દીલની કહુ કોને વાત—વદુ શું
કામજનક સુંદર બાળા તે
પડી અવનિએ જોઇ ખોઇ મુજ શાત—શું પ્રિય

પ્રીતિ થકી. તુટિ ગ્રંથિ થઈ દૃગ કૃચ
કળી શશિમાં જેમ ડાઘ—શું.

અંગ સુગંધથી મત્ત બન્યો જેમ
જેઠ ની વૃષ્ટિ થકી ગજરાજ--શું.

શંકળદેવ— ૯૦

એ વાત કરતાં મનન, શમન નવ થશે દર્દ દુખદા
ચિત ભરમ મરમ કહેતાં, નાવે શાતા—હા, ચીત.

આ ભ્રાત અરે મુજ, વ્યાઘ્રને હણતાં દીધેલ કારી ઘા;
એ વ્યાઘ્રને નાહીં ઘા. કાળ જડે ઘા, ઘા, એ.

સખીઓ— ૯૧

પ્રીય સખી શેં મુજથી તું છાનું રાખે રે—ટેક.

કામ અને યુવાવસ્થાએ, કસી ચઢાવ્યું ચાપ
તે સ્હેવા સમરથ તું નાહીં, સ્વપ્ને પ્રીતમ જાપ—પ્રીય.

સુરત રસે તુજ ખીલી રહ્યાં છે અંગે આ રોમાંચ,
તે શું મુજ દ્રષ્ટિએ નાવે વળી આ જો સ્તન કાંપ—પ્રીય.

નીવિ ગ્રંથીના મોક્ષ થકી છે મળીઓ તુજને કાન્ત.
હસ્ત ઉચા કરતાં મેં નીરખ્યું તુજને કેલીભ્રાન્ત—પ્રીય

નેન મિચાયે જીવ અકળાએ તુજ શયને એકાન્ત,
એ ચર્ચા શું ના દરશાવે, કાન્તે કીધી શાન્ત—પ્રીય.

સખીઓ— ૯૨

પ્રેમ નીશો છુપો કદી નવ રહે રે, નવ રહે રે.
મદ ભરી નેનો સરવથી પ્હેલી, શાખ પુરે સાચે સાચી ખરે રે.
ગાત્ર બધાં શિથિલ કરીને, ઉડાડે છે અગન સમી હ્હાય હૃદે રે
ચિત્ત ભ્રમાણુ કરે ધ્યાન અર્ણવમાં, પ્રશ્નતણુ વિસ્મરણુ થયાં-
કરે રે.
ધીમી અને વક્ર ગતિ ચર્ણ કેરી દષ્ટી શૂન્યાવકાશે ધીરી ફરે રે
છોડી ચિરજ ઉર ધબકી રહે છે, સખી દીસે ગતી તુજ તેવી
ખરે રે.

દેવળદેવી— ૬૩

પ્રીતમના ગુણ શું હું વદું સખી મૂરતી અંતર રમતી સદારે—
પ્રેમી રસિક મુજ ચિત્તના હારક, વીર એવા નય ભળ્યા કદારે—
આહા તેજસ્વી મુખ નીરખતાં નેત્ર ન પામે તૃપ્તી કદારે—
શૌર્ય પરાક્રમ પરઉપકારે, અર્જુન વિક્રમ ભોજ સમારે—
રતિપતિ સમ પૂર્ણ વિલાસી, વાણી મધુરથી હારે સુધા રે—

દેવળદેવી— ૬૪

સખી પ્રીતમ વિના ન જરી મુજને ગમે,
જરી નહીં ચેન પડે, કળ નહીં મનને વળે
આ દેહ મારી ગળે, હા. બે, ની, હા—સખી.
આંસુડાં ઢાળું સંભારી પ્રીતમ પળે પળે
વસ્ત્ર આભૂષણો દેખી તન ત્યાંથી પળે
શૃંગાર કેરી વસ્તુ નિરખી મન બળે
હાવાં નહીં ધીરજ રહે, તન મુજ નાજ સહે
હા, બે, ની, હા—સખી.
શું ના જાણો પ્રિયા તમારી ટળવળે તે
શું ના જાણો વિરહ વ્યથામાં રીબે તે
ફરી આવી અહીં તું હવે નહીંજ મળે
સખી શું કરવું હવે, વાર્યું મન નાંહી રહે
હા, બે, ની, હા,—સખી.
માર માર મારે મારે અંગ રગે રગે.
બાળી નાંખે આ તન મુજ મેહાનળે
હૃદય શૂન્ય બની હું દીન કળ ન વળે
દાસી દરશન જાચે, ઇચ્છું છઉં અંજ આરો.
ધા, ર, ધ, રે, સખી.

સખી— ૬૫

તું ધીરી થાની બેની મારી ધીરી તું તો થા
કલાંતિ છોડી બેની મારી શાંત તું તો થા—તું ધીરી.
શાંત થા તું બેની તારો પ્રિય તને મળશે
છેક આકુળ વ્યાકુળ થયે તન તો ગળશે—તું ધીરી

કામ તણા જ્વરથી ધીકી રહીછે તુજ શીરા.
ઉપચાર કરો શીત તું તો ડાહીને ધીરા—તું ધીરી.

શંકળદેવ— ૬૬

કેમ કરી વાળું હું મન મારૂં, પ્રીત તણી પીડ અંતર પીડે
રાત્ર દિવસ મુને રટણજ એનુ, એને હશે મુજ કેરૂં નહીંકે—પ્રી.
રાખ્યું અરે મન નવ રહે મારૂં, તનમાં થાએ ઉચ્ચાટ
પ્રેમ કટારી કાળજડે વાગી, છેક થયો હું નિરાશ.
પ્રીયા વીણ મનડું મુઝાએ, ખાનપાન મુને કાંઇ નવ ભાવે
પળ પળ તન સુકાએ—પ્રીત૦કેમ.

શંકળદેવ— ૬૭

ક્યારે મળું, ધિરજ હવે નાહીં રહે, રહેન સર્વ જાયે—ક્યારે.
પિડ હું હવે કોને કહું, દુઃખ મુજ ક્યાં હું રહૂં,
જઇ હું પાસ કો'ની ચહૂં, કોની નથી સહાયે—ક્યારે.
ચિત્ર હૃદય માંહી ખડું, કેમ કરી કરૂં તે પરૂં
ભાગ તણે કોટ ચડું, પ્રેમરાશ આશે—ક્યારે.

દેવલદેવી— ૬૮

પ્યારા કયમ તરસાવોરે, કૃપાવારિ વરસાવોરે—
નહી ચેન, દીન રેન, મારી અસી પ્રેમતણી ઘાયલ બનાવી—પ્યારા
જગ રચના પીડ ભારી આપે તે મુજથી ના રહેવાએ
જેમ જેમ જાય ક્ષણ મુજ ચૈન જાય
જાય ગળી દેહ મારી છેક ગઇ હારી—પ્યારા.
અરસ પરસ પશુ પંખી સરવે, લીએ આનંદ હળી મળીને.
હીનભાગ હાય એકલડી હું નાર
નથી સમે આવે હાય મુજ દીલદાર—પ્યારા.

શંકળદેવ— ૬૯

આવી ઉભો આશક તુજ પ્યારી
દુઃખ દેની વીસારી—આવી.
પ્રેમતરૂ નેન નીર વીનાનું, બળી જાય સુકાઇ —આવી.

અન્ય પુરૂષ ધારિશ માં મુને આવ્યો શંકળદેવ આડી
માશુકડી મુજ આમ કરે શું છેક નિરાશી-આવી.

દેવળદેવી— ૭૦

૧ કેવો આજ ખુશીનો દીન, રેલી શિ આ આનંદ હેલી--કેવો.
જાવા નવ દઉં આ સ્થળથી હું, પ્રીતિ જેવી નિરમીન--રેલી.
વિયોગ અભ્ર વિખેરી પ્યારા, શુભ્ર કીધુ મુજ દીલ-રેલી.
નિર્મળી પ્રીત હું વરી ચુકી, કેલી કરૂં દાસી દીન—રેલી

શંકળદેવ— ૭૧

વ્યાપીઓ આનંદ, જોઈ પ્રીતિ નીરમળીરે
પ્રીયા મારી તું શૃંગારી ચતુર નારી, આનંદકારી
રહયો હું મોહી મોહીરે—વ્યાપીઓ ૧
હું ભ્રમર પ્રીયે, તું છે કેતકીરે
કામણગારી, હું પુજારી, મુરતી તારી ને નીહાળી
પાસ રહું હું તારીરે—વ્યાપીઓ ૨
પુજું દીલે ખરે, અંતરથી તુનેરે
લાગું પાય, વ્હારીછે સ્હાય, સમી લ્હાય, દે જગરાય
નમું હું પાડ માનીરે—વ્યાપીઓ ૩

શંકળદેવ તથા દેવળદેવી— ૭૨

શં. દે.—કરજોડીને નમોએ, પ્રભુ મીતી આ સાચી છાપ
કર તું મ્હેર
દે.—પ્રેમ થકી આ જગત થયું છે, પ્રેમે તે ઝળકી રહે છે
શં.—પ્રેમવીના ઘરબાર અને સૌ, વન્હી વગર શળગી રહે છે
દે.—નારી વીણ ઘર આ દુનીઆમાં, સ્મશાન તુલ્યજ બાસે છે
શં.—પતિ વિનાનરજીવતર આખું, અડધું નિશ્ચે લાગેછે
શં. દે.—પ્રેમતણા વિધવિધ રંગો પણ,પતિ પત્નિનો ન્યારોછે
શં. દે.—સત્યપ્રેમ એકજ આ જગમાં, સુવર્ણથી પણ સાચોછે
શં. દે.—પ્રેમ બલીહારી તારી કયાં કયાં કયાં !!
શં. દે.—તારી અરે કરૂં સ્તુતિ કયાં કયાં કયાં !!!
શં. દે.—પ્રેમ ઈશ, ઈશ પ્રેમ જયાં ત્યાં ત્યાં.—કરજોડીને.

કરણ— ૭૩

અરે દુષ્ટ કોળાનારી, શા માટે કહું તુને રાણી, સુખ દીધાં કેવાં ભારી
ધિક ધિક નારી; તારો પડતો બોલ ઝાલી, કીધી મેં પટરાણી ૧
ધીક ધીક અરે ઓ નારી, બદલો આવો લેવા આવી, ન્યાત ધર્મ જાત છાંડી
શર્મ શું નાવી; જીવતા પતિને નીવારી, તુરકડી થઇ તું વ્હાલી ૨
એક ભવમાં તેં બે કીધા, કરી પૈસાપર તેં નીધા, સુખ સર્વ તે તો લીધાં
હાય ધિક નારી; કરૂં નવ હું અદેખાઇ, શું દયા મારી નાઠી ૩
સુખ સર્વ છતાંરે તુને, પુત્રીનું પણ જોઇએ તુને, તેથી દુઃખ શું થાશે મુને
કેવી બેહાલી; થઇ પાયેમાલી મારી, ધીક ધીક અરે ઓ નારી ૪
સારી દુનીયાનું સુખ ત્યાગી, મઠમાં બેઠો એક વિરાગી કાળ કાઢું જાગી જાગી
દયા શું નાવી; ટળવળી રઝળી રખડી, નાખું માણુમારા કાઢી. ૫

કરણ— ૭૪

કેવું ઘોર કૃત્ય આ થાતે

કારિ મુજ સમશિર નિરદોષ પુત્રિ પર, આ હસ્તે ઓચાતે, કેવું.
કોમલ આરોપ મુજ હાથે જે રોપેલો તેનો થાત છેદ મુજ હાથે
નિચ ફુળ કેરા છે શંકળદેવ પણ તે આર્થ ખરો તો જાતે,
પુત્રિને એ ગમે અને માગું તેનું આવે વળી (તો) રોકું તેને શામાટે.

દેવળદેવી— ૭૫

મારે મન આનંદ આનંદ થાય,
પ્રીતમજી, આનંદ, આનંદ ઉભરાય.
થાઓ ખુશી પ્યારા, બાલમા, મન૦ મારે.
પ્રીતમજીને હવે જઇને, સુખે મારાથી મળાય, પ્રી૦ થા૦ મન૦
અષ્ટમાસિદ્ધિ નવનિધી પામી, રે'શે ન ઉણું જરાય- પ્રી૦ થા૦ મન૦
ક્યારે બીડી બાથ પુરી કરૂં હું, સર્વે મારી ઇચ્છાય— પ્રી૦ થા૦ મન૦

દેવળદેવી— ૭૬

હાયે હાયેરે હું ફસાઇ, ઇશ અરે નવ જોયું જાય
શચો ક્રૂર કસાઈ, હું ફસાઇ. (ટેક)
દુખ રડું કોનું પિતાનું કે મારૂં, કે પ્રાણનાથ પ્યારા ગુર્જ-
તારૂં.
હાય હાય શી આ દશા થઇ, પાપીણી હીણભાગી ફસાઇ—
હું ફસાઈ.
હે ઇશ આપ્યો જનમ આ માટે, શાં ન મારી માતા ગર્ભ-
નીમાં તેં
મ્લેછ તુરકડે હાથ પડી છું, નહીં છુટવાનો વારો, ધર્મ છુટીઓ,
ઇશ રૂઠીઓ, હવે નહીં કાંઇ આરો,, જોતા હોશો વાટ માહરી
—પ્યારા,
હાય કાળ અરે તું દુખદાઈ, ન હું કેમ ખવાઈ—ફસાઈ હું ફસાઈ.

રાજ્ય ભ્રષ્ટ પિતા થયો, મ્લેચ્છ હસ્ત ગઈ માત;
પાપિ કષ્ટ ભાગિની ગઈ, ધિક ધિક હા મુજ જાત—૧
નવ જાણ્યે મુખથી કહ્યું, વિધિએ તજાવ્યો નાથ;
નિર્જ દેશે તાળાં પડયાં, કષ્ટ કષ્ટ ગુજરાત.—૨

કંચનીઓ— ૭૭

સરવર, અફસર, દીલબર પરવર શાહ અલાઉદ્દીન
તુમ આલમકા હો કરીમ, ખુશ રહો આપ નીસ દીન–સરવર૦
સારી જહાંમેં નરનારી ગાવેં જસ તેરા ભારી
હશમત, દોલત, કીસમત, તુમરા બઢો અલાઉદ્દીન–સરવર૦
ખુદાકી મહેરસે તાજ હો સબહી અપના જો હોવેં દુશમીન
કાફરકા સબ ફયસલ કરેઓ ખાક મેં લા અય પ્યારે શાહેદીન.
જહાંપના હો આપસે હાંસીલ હમારી સબ મુરાદ
ફરરોફર તેરા બઢો હમ દીલસેં માંગે અય મુરાદ.
શાદી હો યહ મુબારીક, જોડા હો યહ મુબારીક,
યહ અર્જ હય મુબારીક શાદ રખતું અય મુબારીક, કર
રહમ અય યાર રહીમ—સરવર.

—સમાપ્ત—